વિભાગ : ૨

# સંસારના પ્રકાર

વિભાગ : ૧ : વિષય પ્રવેશ પછી આ વિભાગમાં સંસારના ત્રણ પ્રકાર માટેના ત્રણ પ્રકરણો આપવામાં આવે છે.

સંસાર પોતાના સ્વરૂપથી જ એક ગોળ ગોળ ફરતાં ચક્ર સમાન છે. જેમ ચક્રને ૧. ધરી ભ્રમણ (Rotation), ૨. કક્ષાભ્રમણ (Revolution) અને ૩. પરાવર્તન (Reflection) એમ ત્રણ પ્રકારના ભ્રમણ હોય છે તેમ સંસારરૂપી ચક્રને પણ ૧. મિથ્યાત્વરૂપી ધરીને આધારે થતું જન્મ-મરણ રૂપ ધરીભ્રમણ, ૨. ગતિનામકર્મોદયના કેન્દ્રની આજુબાજુ થતું ચારગતિરૂપ કક્ષાભ્રમણ અને ૩. પાંચ પ્રકારના કોઈ સ્થાનેથી શરુ કરી મૂળ સ્થાને પરત આવવારૂપ પાંચ પરાવર્તન હોય છે. આ રીતે સંસારના ત્રણ પ્રકાર - **૧. જન્મ-મરણ, ૨. ચારગતિ** અને **૩. પાંચ પરાવર્તન** છે.

આ વિભાગમાં આ ત્રણેય પ્રકારના સંસારનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. આ ત્રણેય પ્રકારના સંસાર અત્યંત દુઃખરૂપ છે અને તેનું મૂળ કારણ મિથ્યાત્વ છે અને તે મિથ્યાત્વ મટાડવાનો ઉપાય વર્તમાન મનુષ્યજીવનમાં છે. પોતાના સ્વ-સન્મુખતાના સવળા પુરુષાર્થ વડે મિથ્યાત્વ મટાડી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. આ વિભાગ સંસારના ત્રણ પ્રકારની સમજૂતી દ્વારા આવા પુરુષાર્થની જ પ્રેરણા પૂરી પાડે છે.

# પ્રકરણ : ૩ જન્મ-મરણરૂપ સંસાર

**પ્રકરણની રૂપરેખા**


| | |
|---|---|
| ✿ પ્રાસ્તાવિક | ૧. પંડિત પંડિત મરણ |
| ૧. જન્મ | ૨. પંડિત મરણ |
|   ૧. સંમૂર્ચ્છન જન્મ | ૩. બાલપંડિત મરણ |
|   ૨. ગર્ભ જન્મ | ૪. અવસન્ન મરણ |
|     ૧. જરાયુજ ૨. અંડજ | ૫. સશલ્ય મરણ |
|     ૩. પોતજ | ૬. પલાય મરણ |
|   ૩. ઉપપાદજન્મ | ૭. વશાર્ત મરણ |
| ✿ જન્મની ૮૪ લાખ યોનિ | ૮. બાલ મરણ |
| ✿ જન્મની અંચલિકા | ૯. બાલબાલ મરણ |
| ૨. મરણ | ✿ મરણની અંચલિકા |
| | ✿ ઉપસંહાર. |

(માલિની : અક્ષરો ૧૫ યતિ ૮)

दिनकरकरजाले, शैत्यमुष्णत्वमिंदोः।
सुर शिखरिणि जातु, प्राप्यते जंगमत्वं ।।

न पुनरिह कदाचित्, घोर संसारचक्रे।
स्फुटम सुखनिधाने, भ्राम्यता शर्म पुंसा ।।

**ભાવાર્થ :** કદાચિત્ સૂર્યનાં ગરમ કિરણો ઠંડા થાય, ચંદ્રનાં શીતળ કિરણો ઉષ્ણ થાય; કે મેરૂપર્વતનું અચલપણું ચલાયમાન થાય; તોપણ આ ભયાનક દુ:ખમય સંસારરૂપી ચક્રમાં પરિભ્રમણ પામતાં સંસારી પ્રાણીને સંસારમાંથી સુખનો એક અંશ પણ ક્યાંયથી પ્રાપ્ત ન થાય. (અમિતગતિઆચાર્યકૃત બૃહદસામાયિકપાઠ : ગાથા ૬૮)




અહીં સંસારને ગોળ ગોળ ફરતા હોય તેવા ચક્રની ઉપમા આપી છે. જે સતત ફરતું હોય તે જ ચક્ર કહેવાય. સંસાર પોતાનાં સ્વરૂપથી જ સતત એક ગોળ ગોળ ફરતું ચક્ર જ છે. સંસારનો અર્થ સંસરણ પામેલી આત્માની અશુદ્ધ અવસ્થા છે. સંસરણ એટલે પોતાના સ્વભાવમાંથી સરકી જઇ પરિભ્રમણ, પરિવર્તન કે પરિક્રમણરૂપે ગોળ ગોળ ફરવું તે છે. આ રીતે સંસારને ચક્રની ઉપમા યથાર્થ છે. સંસારને ચક્રની ઉપમા આ રીતે છે–

જેમ ગોળ ગોળ ફરતા ચક્રને ક્યાંય સ્થિરતા કે વિસામો નથી. તેમ ગોળ ગોળ ફરતા સંસારરૂપી ચક્રમાં ક્યાંય સુખ કે શાંતિ નથી. જેમ ચક્ર પોતાની ધરીની આસપાસ ફરતું હોય છે .તેમ સંસારરૂપી ચક્ર મિથ્યાત્વરૂપી ધરીની આસપાસ ફરતું રહે છે. જેમ ચક્રને પોતાની ધરી સાથે જોડતાં ત્રણ આરાઓ હોય છે. તેમ સંસારરૂપી ચક્રને પોતાની મિથ્યાત્વરૂપી ધરી સાથે જોડતા ત્રણ આરાઓ સમાન મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર છે. ચક્રનું ભ્રમણ ત્રણ પ્રકારે હોય છે–

૧. પોતાની ધરીની આજુબાજુનું ધરીભ્રમણ કે પરિભ્રમણ (Rotation).

૨. પોતાના કેન્દ્રની આજુબાજુ કક્ષાભ્રમણ કે પરિક્રમણ (Revolution)

૩. અનેક સ્થળે જઈ પોતાના મૂળસ્થાને પાછા ફરવારૂપ પરાવર્તન કે પરિવર્તન (Reflection)

તેમ સંસારરૂપી ચક્રનું ભ્રમણ ત્રણ પ્રકારે છે –

૧. મિથ્યાત્વરૂપી ધરીને ફરતું ૮૪ લાખ યોનિ પ્રમાણ જન્મ-મરણનું પરિભ્રમણ

૨. પૌદ્‌ગલિક કર્મના કેન્દ્રની આજુબાજુ ચાર ગતિરૂપ પરિક્રમણ અને

૩. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ અનેક સ્થળે જઇ પોતાના મૂળ સ્થાને પરત આવવારૂપ પાંચ પ્રકારના પરિવર્તન.

જેમ ત્રણ પ્રકારે ભ્રમણ પામતા ચક્રને બિલકુલ સ્થિરતા હોતી નથી અને જો સ્થિરતા હોય તો તે ચક્ર

નામ પામતું નથી. તેમ ત્રણ પ્રકારે ભ્રમણ પામતા સંસારરૂપી ચક્રમાં બિલકુલ સુખ હોતું નથી અને જો સુખ હોય તો તે સંસારરૂપી ચક્રનું નામ પામતું નથી.


સંસાર એક ચક્ર સ્વરૂપે છે અને તેથી તે દુઃખમય છે. સંસારરૂપી ચક્રના જે ત્રણ પ્રકાર છે તે જ સંસારના ત્રણ પ્રકાર છે. જે આ પ્રકારે છે –

**૧. જન્મ-મરણરૂપ સંસાર**

**૨. ચારગતિરૂપ સંસાર**

**૩. પંચપરાવર્તનરૂપ સંસાર**

ઉપરોક્ત દરેક પ્રકાર પૈકી આ પ્રકરણમાં જન્મ-મરણરૂપ સંસારનું સ્વરૂપ અને તેના દુઃખોને દર્શાવવામાં આવે છે. આ પછીના પ્રકરણોમાં બાકીની બાબત આવશે.



## ૧. જન્મ-મરણરૂપ સંસાર

पुनरपि जननं, पुनरपि मरणं,पुनरपि जननि जठरे शयनम्।
इह संसारे, खलु दुस्तारे, कृपया पारे, पाहि शुद्धात्मने ।।
भज शुद्धात्मने, भज शुद्धात्मने, भज शुद्धात्मने मूढमते ।
प्राप्ते सन्निहिते मरणे, नहि नहि रक्षति, डुकृञ् करणं ।।

**ભાવાર્થઃ આ સંસારમાં ફરી ફરી જન્મ, ફરી ફરી મરણ અને ફરી ફરી માતાની કૂખે આવવાનું છે. આ જન્મ-મરણરૂપ દુઃખદાયક અને 'દુસ્તર સંસારમાં એક માત્ર શુદ્ધાત્મા જ શરણરૂપ છે. તેથી હે મૂઢમતિ ! તું શુદ્ધાત્માનું જ શરણ અંગીકાર કર. કેમ કે, મરણ સમયે આ શુદ્ધાત્મા સિવાય બીજું કોઈ રક્ષક નથી.** (શંકરાચાર્યકૃત ચર્પટપંજરિકાસ્તોત્ર : શ્લોક ૮ના આધારે)

જન્મ-મરણ એ સંસારનું જ સ્વરૂપ છે. જન્મ પછી મરણ અને મરણ પછી જન્મ એવું સંસારનું ચક્ર અનાદિકાળથી ચાલ્યું આવે છે. પોતાના શુદ્ધાત્મા સિવાય આ જન્મ-મરણરૂપ સંસારમાં બીજું કોઇ શરણ નથી. જન્મ-મરણરૂપ સંસારમાં આ જીવ એક દેહનું મરણ પામી બીજા દેહમાં જન્મ પામે છે. એટલે કે, સંસારની એક ગતિમાંથી બીજી ગતિમાં જીવ ભમ્યા કરે છે. સંસારની નારક-તિર્યંચ-દેવ-મનુષ્યરૂપ ચારગતિનું ભ્રમણ જન્મ-મરણના કારણે છે. આ જન્મ-મરણ અને તેનાં દુઃખથી છૂટવાનો એક માત્ર ઉપાય શુદ્ધાત્માનું શરણ છે આ શુદ્ધાત્માનું શરણ મનુષ્યજીવનમાં શક્ય છે. જો મનુષ્ય પોતાના શુદ્ધાત્માનું શરણ અંગીકાર કરે તો તેના આશ્રયે પ્રગટ થતાં સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગ વડે જન્મ-મરણરૂપ સંસારમાંથી છૂટકારો મેળવી મોક્ષદશાની પ્રાપ્તિ કરે છે. તેથી મનુષ્યજીવનનો સદુપયોગ શુદ્ધાત્માને ઓળખી તેનું શરણ અંગીકાર કરવામાં કરવો એ જ આ જન્મ-મરણનું સ્વરૂપ સમજવાનો સાર છે.

જન્મ સમયે જન્મદાત્રી માતાનું દુઃખ પણ દેખ્યું ન જાય તેવું હોય છે. પણ જન્મનાર બાળકનું દુઃખ તો તેનાથી પણ અનેકગણું હોય છે. માતાના ઉદરમાં રૂધિર અને 'વસા વચ્ચે રહેલું બાળક ખૂબ સંકોચાઇને અનેક પ્રકારની પીડા અને વેદનાપૂર્વક જન્મ સમયે બહાર આવે છે. જન્મ સમયના અસહ્ય દુઃખને શબ્દોથી વર્ણવી શકાતું નથી.

જન્મ થતાં જ મરણ તરફનું પ્રયાણ તુરત જ શરૂ થઇ જાય છે. જન્મ અને મરણ વચ્ચેનું જીવન ઘણું અલ્પ અને અનિયત છે. વળી તે પણ અનેક પ્રકારની યાતનાઓથી ભરપૂર છે. જીવન પૂરું થતાં જન્મ પામનારનું મરણ પણ હોય જ છે.

સંસારમાં મરણનું દુઃખ સૌથી મોટું છે અને તે જન્મના દુઃખ કરતાંય અનંતગણું વધારે છે. મરણ સમયે પાંચ ઇન્દ્રિયો, મન-વચન-કાયરૂપ ત્રણ બળો, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ દશ પ્રકારના પ્રાણોથી છૂટા પડવાનું હોય છે. એક નાનકડો સંયોગ છોડતાં પણ સંસારી જીવને ઘણું દુઃખ થાય છે તો સઘળાં પ્રકારના સંયોગો અને દરેય પ્રકારના પ્રાણો છોડતાં કેટલું દુઃખ થાય ? ઘણું જ દુઃખ થાય. વળી મરણ સમયની પીડા અને દર્દ અતિશય અને અસહ્ય હોય છે. મરણના ભયંકર દુઃખને ભોગવનારો જ ભોગવે છે અને ભગવાન જ જાણે છે.

જન્મ અને મરણ એ સંસાર ભ્રમણનો જ એક પ્રકાર છે અને તેથી સંસારનું જ સ્વરૂપ છે. જન્મ-મરણરૂપ સંસારમાં સૌ પ્રથમ જન્મનું અને ત્યારબાદ મરણનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

## જન્મ

**આયુષ્ય કર્મના ઉદયથી સંસારી જીવના નવીન દેહનું ધારણ કરવું તે જન્મ છે. આ જન્મ તેની સાથે સંબંધિત પ્રાણો સહિતનો હોય છે.**

જન્મ પામેલ સંસારી જીવના પ્રાણો દશ પ્રકારના છે. આ દશ પ્રાણોના નામ આ પ્રમાણે છે : ૧. સ્પર્શેન્દ્રિય ૨. રસેન્દ્રિય ૩. ઘ્રાણેન્દ્રિય ૪. ચક્ષુરિન્દ્રિય અને ૫. શ્રોત્રેન્દ્રિય એ પાંચ ઇન્દ્રિય; ૬. મનબળ ૭. વચનબળ અને ૮. કાયબળ એ ત્રણ પ્રકારના બળો તેમજ ૯. આયુષ્ય અને ૧૦. શ્વાસોછ્વાસ. સંસારી જીવ પૈકી એકેન્દ્રિય સ્થાવર જીવને સ્પર્શેન્દ્રિય, કાયબળ, આયુષ્ય અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પ્રાણો હોય છે. બેઇન્દ્રિય જીવને રસનેન્દ્રિય અને વચનબળ ઉમેરાતા છ પ્રાણો હોય છે. ત્રણ ઇન્દ્રિય જીવને ઘ્રાણેન્દ્રિય ઉમેરાતા કુલ સાત પ્રાણો હોય છે. ચાર ઈન્દ્રિય જીવને ચક્ષુરિન્દ્રિય ઉમેરાતાં આઠ પ્રાણો અને અસંજ્ઞી પંચેન્દ્રિયને શ્રોત્રેન્દ્રિય ઉમેરાતાં નવ પ્રાણો હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિયને મનબળ ઉમેરાતાં કુલ દશેય પ્રકારના બધાં પ્રાણો હોય છે. આ પ્રાણોને કારણે સંસારી જીવનું જીવન કહેવાય છે. સંસારી જીવની જન્મની પ્રક્રિયા અને તેમાં આ પ્રાણોનું ધારણ થવું અતિ કષ્ટદાયી છે તેથી સંસારી જીવનો જન્મ અતિ દુઃખદાયી છે. સંસારી જીવના જન્મના મુખ્યત્વે ત્રણ પ્રકાર છે. જે નીચે મુજબ છે–


૧. સંમૂર્ચ્છન જન્મ
૨. ગર્ભ જન્મ
૩. ઉપપાદ જન્મ



### ૧. સંમૂર્ચ્છન જન્મ

**માતા-પિતાની અપેક્ષા વિના અહીં તહીંના ચારેબાજુઓથી સાનુકૂળ પુદ્ગલોને સ્વયં ગ્રહણ કરી જેના દેહની ઉત્પત્તિ થાય છે તેવા સંસારી જીવના જન્મને સંમૂર્ચ્છન જન્મ કહે છે.**

સં એટલે સમસ્ત પ્રકારે, ચારેબાજુઓથી અને મૂર્ચ્છન એટલે ગ્રહણ થવું. જે જન્મ ચારે બાજુઓથી અહીં તહીંના સમસ્ત પ્રકારે સાનુકૂળ પુદ્ગલોના ગ્રહણ વડે થાય છે તે સંમૂર્ચ્છન જન્મ કહેવાય છે. કોઇ માટલામાં છાણ, ગોમૂત્ર વગેરે રાખી મૂકવાથી તેમાં વીંછીની ઉત્પત્તિ થાય છે તે સંમૂર્ચ્છન જન્મ છે. એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના સઘળાં જીવોનો જન્મ સંમૂર્ચ્છન હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિયમાં પણ જેનો જન્મ ગર્ભજ કે ઉપપાદ નથી તેવા તિર્યંચ કે મનુષ્યનો જન્મ પણ સંમૂર્ચ્છન હોય છે. ચોમાસામાં થતાં દેડકાં એ સંમૂર્ચ્છન સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ છે. તથા મનુષ્યોના મળ, મૂત્ર, વીર્ય, નાક કે કાનના મેલ હોય તેવા અપવિત્ર સ્થાનોમાં તેમજ સ્ત્રીઓની યોનિ, બગલ જેવા સ્થાનોમાં સંમૂર્ચ્છન મનુષ્ય ઉત્પન્ન થાય છે. સંમૂર્ચ્છન મનુષ્યનું શરીર અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું સૂક્ષ્મ હોય છે. અને તેઓ લબ્ધપર્યાપ્તક હોય છે, એટલે કે જન્મ પછી કોઇપણ *પર્યાપ્તિ પૂરી થતાં પહેલાં તેઓ શીઘ્ર મરણ પામે છે. સંમૂર્ચ્છન જન્મ અશુભલેશ્યામાં અત્યંત વેદનાપૂર્વક થવાથી તે અત્યંત દુઃખદાયી છે.



### ૨. ગર્ભ જન્મ


**માતાની રજ અને પિતાના વીર્યથી બનતા દેહને ગર્ભ કહે છે. માતાના ઉદરમાં ઉત્પન્ન થતા ગર્ભને કારણે થતી સંસારી જીવની ઉત્પત્તિને ગર્ભ જન્મ કે ગર્ભજ કહે છે.**

સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યનો જન્મ સામાન્ય રીતે ગર્ભજ પ્રકારનો હોય છે. ગર્ભજ કે ગર્ભ જન્મ ત્રણ પ્રકારે છે– ૨.૧. જરાયુજ ૨.૨. અંડજ અને ૨.૩. પોતજ.

#### ૨.૧. જરાયુજ


**જરાયુમાં વીંટળાયેલ સંસારી જીવના ગર્ભજન્મને જરાયુજ કહે છે.**

જરાયુ એક પ્રકારની પાતળી ચામડીની બનેલી થેલી કે કોથળી જેવું આવરણ હોય છે. તે માંસ અને લોહીથી વ્યાપ્ત હોય છે. માતાના ઉદરમાં રહેલ ગર્ભનું તે રક્ષણ કરે છે. મનુષ્ય અને ગાય ભેંસ જેવા પશુઓનો જન્મ જરાયુજ હોય છે. તીર્થંકર, ચક્રવર્તી જેવા શલાકા પુરુષોનો જન્મ જરાયુજ



હોય છે. અસાધારણ ભાષા અને ધ્યાન-અધ્યયનાદિ ક્રિયાઓ જરાયુજ જીવોમાં જોવામાં મળે છે. જરાયુજ જીવો જ મોક્ષ પામી શકે છે.

### ૨.૨. અંડજ



**માતાના ઉદરમાં ઉત્પન્ન થતો ગર્ભ સખ્ત ગોળાકાર કોચલામાં પરિપક્વ થઈ પ્રસવ પામે તેને ઈંડુ કહે છે. ફલિત થયેલ ઈંડાનું કોચલું તૂટતા થતાં ગર્ભજન્મને અંડજ કહે છે.**

ચકલી, કબૂતર, કોયલ, કુકડા જેવાં પક્ષીઓનો જન્મ અંડજ હોય છે. માછલી, મગરમચ્છ જેવા જળચર પ્રાણીઓ પણ અંડજ જન્મ પામે છે.

### ૨.૩. પોતજ



**જન્મતી વખતે જન્મ પામનારના દેહ ઉપર કોઈપણ પ્રકારની ઓર કે આવરણ ન હોય તેવા ગર્ભજન્મને પોતજ કહે છે.**

સસલું, વાંદરો, હરણ જેવા પ્રાણીઓનો જન્મ પોતજ પ્રકારનો હોય છે. પોતજ જન્મ પામનાર પ્રાણી જન્મતાંની સાથે જ દોડાદોડી કરવા લાગે છે.


જરાયુજ, અંડજ અને પોતજ એ ત્રણેય પ્રકારના ગર્ભજન્મ થતાં પહેલાં માતાના ઉદરની કાજળ કોટડી જેવા કેદખાનામાં ખૂબ જ સંકોચાઈને ઊંધા માથે ટીંગાઈને રહેવું પડે છે. માતાના ઉદરમાં વિકાસ પામતો ગર્ભ અત્યંત દુર્ગંધયુક્ત મળ-મૂત્રની વચ્ચે વમન કરવા યોગ્ય પદાર્થોનો આહાર કરે છે. તે સમયે શરીરની પર્યાપ્તિ પૂરી ન હોવાથી તે પોતાના દુઃખને પણ વ્યકત કરી શકતો નથી. ગર્ભવાસ પૂરો થતા માતાના ઉદરમાંથી બહાર આવી થતો જન્મ અત્યંત અશુચિમય, અદર્શનીય અને દુર્ગંધયુક્ત હોય છે. લોહી અને મૂત્રને વહેવડાવનારી ગટર સમાન માતાના ઉદરના યોનિદ્વારમાંથી ખૂબ જ ભીંસાઈ-પીસાઈને બહાર આવતાં જે જન્મ થાય છે તે સમયની માતાની વેદના પણ ભયંકર હોય છે. પરંતુ માતા કરતાં અનેકગણી વેદના તે જન્મ ધારણ કરનારને હોય છે. આ રીતે ગર્ભજન્મ અત્યંત દુઃખદાયી જાણવું.

### ૩. ઉપપાદ જન્મ

**તુરત જ થતી પ્રાપ્તિ કે ઉત્પત્તિને ઉપપાદ કહે છે. નવીન ભવના પ્રથમ સમયમાં જ ઉત્પત્તિની પ્રક્રિયા શરૂ થઈને અંતર્મુહૂર્તમાં જ બધી પર્યાપ્તિ પૂરી કરીને યુવાવસ્થાને પ્રાપ્ત થાય તેવા તુરતના ઉત્પન્ન થતા જન્મને ઉપપાદ જન્મ કહે છે.**


ઉપપાદ જન્મ માતા-પિતાના રજ-વીર્ય વિના તેના નિશ્ચિત સ્થાનવિશેષમાં થાય છે. ઉપપાદ જન્મથી સોળ વર્ષનો યુવાન હોય તેવો દેહ હોય છે. વૈક્રિયિક શરીરના ધારક દેવ અને નારકીઓનો જન્મ નિયમથી ઉપપાદ પ્રકારનો હોય છે.

દેવોના જન્મ સ્થાનને ઉપપાદ શય્યા કહે છે. તે ઉપપાદ શય્યા સંપુટ આકારની, શુદ્ધ, સુગંધી અને કોમળ હોય છે. દેવોનો જન્મ શુભલેશ્યામાં થતો હોવા છતાં દુઃખદાયી છે.



નારકીઓનો જન્મ તેના ઉપજવાના બીલમાં થાય છે. તે બીલનું મોઢું ઊંધુ હોય છે અને તેમાં મધપૂડા જેવા નાના નાના ઉત્પત્તિના સ્થાન હોય છે. ઊંધા માથે અને ઊંચા પગે અશુભલેશ્યામાં આકરી વેદનાથી વિલાપ કરતો નારકી ઉત્પન્ન થઈને ચાલવા જાય છે ત્યાં ઉપરથી નીચે અનેક પ્રકારના તલવાર જેવા આયુધોની વચ્ચે પડી દડાની જેમ ઉછળે છે. પહેલી નરકમાં આ ઉછાળો સાત યોજન અને છ હજાર પાંચસો ધનુષ જેટલો હોય છે. જે ત્યારપછી બીજીથી સાતમી નરક સુધી ક્રમશઃ ઉત્તરોત્તર બમણો બમણો હોય છે. નારકીઓનો ઉપપાદ જન્મ અત્યંત દુઃખદાયી છે.

### જન્મની ૮૪ લાખ યોનિ



**સંસારી જીવના જન્મના સ્થાનને યોનિ કહે છે. સંસારી જીવોના જન્મના સ્થાન કુલ ૮૪ લાખ પ્રકારના છે. તેને સંસારી જીવની જન્મની ૮૪ લાખ યોનિ કહે છે.**

સંસારી જીવોનો જન્મ સંમૂર્ચ્છન, ગર્ભજ અને ઉપપાદ એ ત્રણ પ્રકારે છે. આ ત્રણેય પ્રકારનો જન્મ જે સ્થાને થાય છે તે જન્મના સ્થાનને યોનિ કહે છે. સંસારી જીવોના જન્મના સ્થાનની યોનિ કુલ ૮૪ લાખ પ્રકારે છે. સંસારચક્રમાં પરિભ્રમણ કરતા પ્રાણી આ ૮૪ લાખ જન્મની યોનિઓમાં ઘુમતા અનેક પ્રકારના દુઃખો સહન કરે છે. સંસારી જીવોના જન્મ પરિભ્રમણની આ ૮૪ લાખ યોનિના આધારે સંસારી જીવોના પણ ૮૪ લાખ પ્રકાર કહેવાય છે. સંસારી જીવોના જન્મ સ્થાનની આ ૮૪ લાખ યોનિની ગણતરી નીચે મુજબ છે.

| ક્રમ | સંસારની ગતિ | જન્મની યોનિના પ્રકારો |
|---|---|---|
| ૧. | નિત્યનિગોદ | ૭ લાખ |
| ૨. | ઇતરનિગોદ | ૭ લાખ |
| ૩. | પૃથ્વીકાય | ૭ લાખ |
| ૪. | પાણીકાય | ૭ લાખ |
| ૫. | અગ્નિકાય | ૭ લાખ |
| ૬. | વાયુકાય | ૭ લાખ |
| ૭. | પ્રત્યેક વનસ્પતિ | ૧૦ લાખ |
| ૮. | દ્વિઇન્દ્રિય | ૨ લાખ |
| ૯. | ત્રિઇન્દ્રિય | ૨ લાખ |
| ૧૦. | ચતુરિન્દ્રિય | ૨ લાખ |
| ૧૧. | અસંજ્ઞી તિર્યંચ | ૪ લાખ |
| ૧૨. | સંજ્ઞી તિર્યંચ | |
| ૧૩. | મનુષ્ય | ૧૪ લાખ |
| ૧૪. | નારકી | ૪ લાખ |
| ૧૫. | દેવ | ૪ લાખ |
| | કુલ | ૮૪ લાખ |

ઉપરોક્ત પૈકી ક્રમાંક ૧ થી ૧૧ સુધીના નિત્યનિગોદથી અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ સુધીના જીવોનો જન્મ સંમૂર્ચ્છન પ્રકારનો છે. ક્રમાંક ૧૨ અને ૧૩ના સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યનો જન્મ સંમૂર્ચ્છન અને ગર્ભજ એમ બંને પ્રકારનો હોય છે. ક્રમાંક ૧૪ અને ૧૫ના નારકી અને દેવોનો જન્મ ઉપપાદ પ્રકારનો હોય છે.

## જન્મની અંચલિકા

જન્મ-મરણના ચક્રમાં ઘુમતો સંસારી જીવ અનેક પ્રકારના દુઃખો ભોગવે છે. સંસારી જીવના જન્મના ત્રણ પ્રકાર સંમૂર્ચ્છન, ગર્ભજ અને ઉપપાદ છે. આ ત્રણે પ્રકારના જન્મના સ્થાન એટલે કે જન્મની યોનિ કુલ ૮૪ લાખ પ્રકારે છે. સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતા સંસારી પ્રાણી ૮૪ લાખ યોનિમાં ઘુમતા અનેક પ્રકારના દુઃખોને સહન કરે છે. જેમ ચક્ર પોતાની ધરીના આધારે પરિભ્રમણ કરતું ગોળ ગોળ ફર્યા કરે છે, તેમ સંસારી પ્રાણી સંસારરૂપી જન્મ-મરણના ચક્રમાં તેની મિથ્યાત્વરૂપી ધરીના આધારે ૮૪ લાખ યોનિમાં ગોળ ગોળ ફર્યા કરે છે. જેમ ચક્ર ફરતું અને અસ્થિર હોય છે તેમ સંસારરૂપી ચક્ર અશાંત અને દુઃખદાયક છે. ૮૪ લાખ જન્મની યોનિમાં ત્રણ પ્રકારે જન્મ પામતો જીવ અસહ્ય, અવર્ણનીય અને અકલ્પનીય દુઃખો ભોગવે છે. આ દુઃખોને મટાડવાનો ઉપાય મિથ્યાત્વને મટાડવામાં છે. કેમ કે જન્મ-મરણના અને ૮૪ લાખ યોનિના પરિભ્રમણરૂપ સંસારચક્રની મૂળ ધરી મિથ્યાત્વ છે. મિથ્યાત્વ ટળતાં જન્મ-મરણ અને ૮૪ લાખ યોનિના પરિભ્રમણનો અંત આવે છે. આ મિથ્યાત્વને મટાડવાનો ઉપાય વર્તમાન મનુષ્ય જીવનમાં છે. વર્તમાન મનુષ્ય જીવનમાં મિથ્યાત્વ મટાડીને સમ્યક્ત્વ પ્રગટ કરવામાં આવે તો અનંતા જન્મનો અભાવ આ મનુષ્યના એક જન્મથી થાય છે. તેમ છતાં આ મનુષ્ય મિથ્યાત્વ મટાડી તેના કારણે થતાં જન્મ અને જન્મના દુઃખો મટાડવાનો ઉપાય કરવાને બદલે મિથ્યાત્વને વધુ મજબૂત કરી તેના કારણે થતા જન્મ અને તેના દુઃખોને જ વધારવાનો ઉપાય કરે તો તે મહા આશ્ચર્યકારક અને ખેદજનક ઘટના છે. આચાર્યશ્રી ગુણભદ્રના શબ્દોમાં–

(શાર્દૂલવિક્રીડિત)

उत्पन्नोअस्यति दोष धातुमलव, देहोसि कोपदिवान्
साधि व्याधिरसि प्रहीणचरितो, अस्यस्यात्मनोः वंचकः।
मृत्युव्याप्त मुखान्तरोऽसि जरसा, ग्रास्येदसि जन्मिन् वृथा
किंमत्तोऽस्यसि किंहितारिरहिते, किंवासि बद्धस्पृहः।।

**ભાવાર્થઃ** હે અનંત જન્મો ધારણ કરનાર અજ્ઞાની જીવ ! તું આ સંસારમાં જન્મની અનેક પ્રકારની યોનિઓમાં અનેકવાર ઉત્પન્ન થઈ મનુષ્ય થયો છે. તારું આ શરીર મહાદોષમય સાત ધાતુઓમાંથી બનેલ

અતિ મલિન છે. ક્રોધાદિ કષાયજન્ય માનસિક દુઃખો અને રોગજન્ય શારીરિક દુઃખોથી તું પીડિત છો. વળી જરાથી ગ્રસ્ત અને મૃત્યુના મુખ વચ્ચે પડેલો છે. તેમ છતાં તું વિષય-કષાયની પાછળ વ્યર્થ ઉન્મત્ત થઈ રહ્યો છે. હીન આચારમાં નિમગ્ન થયો થકો પોતાના આત્માને જ ઠગી રહ્યો છે. આત્મહિતના અમૂલ્ય અવસરમાં પણ તું તારા આત્મહિતનો જ કટ્ટર શત્રુ બની તારૂં જ અહિત કરી રહ્યો છો તે પરમ આશ્ચર્ય અને ખેદની બાબત છે.

(આત્માનુશાસન : શ્લોક ૫૪)

## મરણ

**આયુષ્યકર્મના ક્ષયથી સંસારી જીવના પ્રાપ્ત દેહનો વિયોગ થવો તે મરણ છે. આ મરણ દેહ સાથે સંબંધિત પ્રાણો સહિતનું હોય છે.**

સંસારી અજ્ઞાની જીવનું આ મરણ એક ભવ અને તેની સાથે સંબંધિત દેહમાંથી અન્ય ભવ અને તેની સાથે સંબંધિત અન્ય દેહમાં થતું ભવાંતર કે દેહાંતર હોય છે. તેને એક ગતિમાંથી બીજી ગતિમાં થતું ગત્યાંતર પણ કહી શકાય છે. આ મરણ જે તે ભવ સંબંધી હોવાથી તેને તદ્ભવ મરણ કહે છે. મરણ સમયે આત્માનો કે દેહનો નાશ હોતો નથી. પણ આત્મા અને દેહનો જે સંયોગ છે તેનો વિયોગ હોય છે. આ વિયોગ દેહ સાથે સંબંધિત દશ પ્રકારના પ્રાણોના વિયોગના કારણે હોય છે. સંસારી જીવનું જીવન આ પ્રાણોના કારણે હોય છે અને આ પ્રાણોનો વિયોગ તે જ તેનું મરણ હોય છે.

સંસારી જીવનું સૌથી મોટામાં મોટું દુઃખ હોય તો તે મરણ છે. સંસારી જીવને પૈસા, મકાન કે સ્વજન જેવા કોઈ દૂરવર્તી સંયોગી પદાર્થને છોડતાં પણ ઘણું દુઃખ થાય છે તો મરણ સમયે દૂરવર્તી અને નિકટવર્તી સઘળાં સંયોગો, જેની સાથે પોતાપણું માન્યું છે એવો દેહ અને તેની સાથેના પ્રાણોને છોડતાં કેટલું દુઃખ થાય ? એટલે કે અત્યંત દુઃખ થાય. મરણ સમયે સંયોગો સાથે એકત્વબુદ્ધિની અને વેદનાની ભીંસમાં ભીંસાતો તે અજ્ઞાની જીવ અત્યંત પીડા અનુભવે છે. પોતાના જ્ઞાનનો બધો ઉપયોગ પોતાના શરીરની પીડામાં રોકવાને કારણે અને શરીર પ્રત્યેના તીવ્ર મોહને કારણે તેનું જ્ઞાન અત્યંત હીણું થઈ જાય છે અને તે કારણે તે બેભાન બની જાય છે. આવો બેભાન જીવ અશુભ લેશ્યામાં ખૂબ જ આકુળતાપૂર્વક દેહત્યાગ કરે છે. તેથી સંસારી જીવના આ મરણનું દુઃખ તેના જન્મના દુઃખ કરતાં પણ અનંતગણું હોય છે.

સંસારી જીવના તદ્ભવ મરણના નીચે મુજબ નવ પ્રકાર છે.



૧. પંડિત પંડિત મરણ
૨. પંડિત મરણ
૩. બાલપંડિત મરણ
૪. અવસન્ન મરણ
૫. સશલ્ય મરણ
૬. પલાય મરણ
૭. વશાર્ત મરણ
૮. બાલ મરણ
૯. બાલબાલ મરણ

ઉપરોક્ત પૈકી પ્રથમ પ્રકારનું પંડિત પંડિત મરણ એ વાસ્તવમાં મરણ નહિ પણ નિર્વાણ હોવાથી સુખરૂપ છે. બાકીના દરેક પ્રકારના મરણમાં દુઃખ છે અને તે ઉત્તરોત્તર વધુને વધુ હોય છે. તેની સમજૂતી આ નીચે આપવામાં આવે છે.

### ૧. પંડિત પંડિત મરણ

**અરિહંત ભગવાનના નિર્વાણને પંડિત પંડિત મરણ કહે છે.**



પંડિતનો અર્થ જ્ઞાની છે. જ્ઞાનીમાં પણ સંપૂર્ણ જ્ઞાન ધરાવનાર અરિહંત ભગવાનના મરણને પંડિત પંડિત મરણ કહે છે. ભાવમોક્ષ ધરાવતા અરિહંત ભગવાનનું મરણ તેના દ્રવ્યમોક્ષનું પણ કારણ હોવાથી તે પંડિત પંડિત મરણ છે.


અરિહંત ભગવાનને આયુષ્ય કર્મનો અભાવ થતાં તેઓ સંસારની ચાર ગતિથી વિલક્ષણ એવી પંચમગતિ એટલે કે મોક્ષમાં ગમન કરે છે. અહીં દેહ અને દેહ સાથે સંબંધિત પ્રાણોનો વિયોગ હોવાથી એ અપેક્ષાએ મરણ કહેવાય છે. પણ આ મરણ ફરી ફરી મરણના અભાવપૂર્વકનું અંતિમ મરણ હોવાથી અને તેમાં આત્માની સંસાર દશાનો અંત હોવાથી તેને નિર્વાણ

કહે છે. અહીં ચૈતન્ય ગોળો છૂટો પડી સિદ્ધશિલામાં બિરાજમાન થાય છે અને દેહના પરમાણુઓ કપુરની ગોટીની જેમ વિખરાઇ જાય છે.

પંડિત પંડિત મરણ સંસારનો અભાવ કરાવનારું અને મોક્ષ દશાની પ્રાપ્તિ કરાવનારું હોવાથી તે બિલકુલ દુઃખરૂપ હોતું નથી.

## ૨. પંડિત મરણ

**ભાવલિંગી મુનિઓના સમાધિમરણને પંડિત મરણ કહે છે.**



શરીરથી ભિન્ન પોતાના શુદ્ધાત્માને જાણનાર, શ્રદ્ધનાર અને અનુભવનારને પંડિત કહે છે. આવા પંડિતનું મરણ તે પંડિત મરણ છે.

મોક્ષમાર્ગની ચારેય આરાધના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપને ઉત્કૃષ્ટપણે આરાધીને સામાન્યપણે બીજા ભવે મોક્ષ પામનારા જીવો સાચા પંડિત મરણને પ્રાપ્ત થાય છે. પંડિત મરણ એ જ્ઞાની ધર્માત્માનું સમાધિમરણ હોવાથી તે માટે કોઈ ડોક્ટર કે દવાખાનાની જરૂર પડતી નથી તેમાં સમ્યક્ પ્રકારે કષાયોને પાતળા પાડી સ્વેચ્છાએ શરીરનો ત્યાગ કરવામાં આવે છે. તેથી તે આત્મઘાત નથી પણ એક મહોત્સવ સમાન છે.

પંડિત મરણ ત્રણ પ્રકારે છે : ૧. ભક્તપ્રત્યાખ્યાન ૨. ઇંગિની અને ૩. પ્રાયોપગમન.

૧. અનુક્રમથી યથાવિધિ અન્ન પાણીનો ત્યાગ કરી મૃત્યુ પામે તે ભક્તપ્રત્યાખ્યાન મરણ છે.

૨. અન્ન પાણીને સર્વથા ત્યાગ કરી સન્યાસ ગ્રહણ કરે પણ તે સમયે બીજા પાસે વૈયાવૃત્ત કરાવે તે ઇંગિની મરણ છે.

૩. સંપૂર્ણ સન્યાસ ગ્રહણ કરે અને કોઇ પાસે વૈયાવૃત્ત ન કરાવે અને પોતાથી પણ ન કરે તેવા પ્રતિમાયોગ સહિતના મરણને પ્રાયોપગમન મરણ કહે છે.

ઉપરોક્ત દરેક પ્રકારનું પંડિત મરણ એ શાંતિ અને સમતાપૂર્વક શુભલેશ્યામાં થતું સમાધિમરણ છે. તોપણ તે સમયે સવિકલ્પદશાની અસ્થિરતારૂપ કિંચિત્ દુઃખ હોય છે.

## ૩. બાલપંડિત મરણ

**ચોથા કે પાંચમા ગુણસ્થાનવર્તી સમ્યગ્દષ્ટિ ધર્માત્માના સમભાવપૂર્વકના મરણને બાલપંડિત મરણ કહે છે.**



અહીં જ્ઞાનીનું મરણ હોવાથી તે પંડિત મરણ છે. પણ તેમાં સમાધિ મરણ અને સ્વરૂપની સંપૂર્ણ સાવધાની ન હોવાને કારણે તે બાલપંડિત મરણ છે. સમ્યગ્દષ્ટિ ધર્માત્મા મરણ સમયે મોક્ષમાર્ગની આરાધનાને જઘન્યભાવે આરાધીને સમભાવપૂર્વક દેહત્યાગ કરે છે. તે સમયે સમાધિમરણ નથી તોપણ સમભાવ છે. બાલપંડિત મરણમાં આત્માનું લક્ષ અને તેની મુખ્યતા બની રહે છે. તે શુભ કે અશુભલેશ્યામાં પણ હોય છે. જેટલો સમભાવ રહે છે તેટલું દુઃખ હળવું રહે છે.

બાલપંડિત મરણમાં સ્વરૂપની કિંચિત્ અસાવધાની અને સવિકલ્પદશાનો મોહ હોવાથી તે દુઃખરૂપ છે.

અહીં સુધીના ત્રણ પ્રકારના મરણ-પંડિત પંડિત મરણ, પંડિત મરણ અને બાલ પંડિત મરણ એ જ્ઞાનીના મરણ છે. તેથી આ મરણ ફરી ફરી મરણનું કારણ નથી. આ મરણ પ્રાપ્ત કરનારના સંસારનો અભાવ થયો છે કે નજીકમાં થવાનો છે. તેથી આ ત્રણેય પ્રકારના મરણ પ્રશંસનીય છે. હવે પછીના મરણ સંસારી અજ્ઞાની જીવના છે. તે ફરી ફરી મરણના કારણભૂત સંસારને વધારનાર તેમ જ અત્યંત દુઃખરૂપ હોવાથી નિંદનીય છે.

## ૪. અવસન્ન મરણ

**મોક્ષમાર્ગથી ભ્રષ્ટ મુનિના મરણને અવસન્ન મરણ કહે છે.**

માર્ગભ્રષ્ટ થઇને ક્યાંક ફસાઇ ગયેલને અવસન્ન કહે છે. મોક્ષમાર્ગથી ભ્રષ્ટ અને ઇન્દ્રિયવિષયમાં ફસાઇ ગયેલ સાધુને અવસન્ન સાધુ કહે છે.

અવસન્ન સાધુ જિનસૂત્રથી પ્રતિકુળ, ચારિત્રથી ભ્રષ્ટ અને આત્મહિતમાં અનુદ્યમી હોય તેવો બાહ્ય દિગંબર વેષધારી છે. તે મોક્ષમાર્ગમાં સ્થિત સાધુઓના સંઘ અને ગુરુના આશ્રયને છોડીને સ્વચ્છંદને સેવે છે. આવા અવસન્ન હોય તેવા મુનિના મરણને અવસન્ન મરણ કહે છે.

અવસન્ન મરણ અજ્ઞાન દશામાં થયેલું આકુળતામય અને પીડાકારક હોવાથી ઘણાં દુઃખરૂપ છે.

## ૫. સશલ્ય મરણ

**શલ્ય સાથેના મરણને સશલ્ય મરણ કહે છે.**


આત્માને પીડાકારક અને આત્મોન્નતિમાં બાધારૂપ હોય તેને શલ્ય કહે છે. મિથ્યાત્વ, માયા અને નિદાન એ ત્રણ શલ્ય છે. અજ્ઞાની આવા ત્રણેય પ્રકારના શલ્ય સહિત હોય છે. આવા શલ્ય સહિતના મરણને સશલ્ય મરણ કહે છે.

સશલ્ય મરણ અતિ આકુળતામય હોવાથી અતિ દુઃખદાયક છે.

## ૬. પલાય મરણ

**સંયમ અને સદાચરણથી દૂર ભાગનાર અજ્ઞાનીના મરણને પલાય મરણ કહે છે.**

નાસી જવું, ભાગી જવું, દોડી જવું તેને પલાય કહે છે, સંયમ અને સદાચરણથી દૂર ભાગનાર અજ્ઞાની પલાય છે. વિનય, '*વૈયાવૃત્ય* અને સદાચરણના કાર્યોમાં આદર ન રાખનાર તેમજ સંયમની ભાવના ન ભાવનાર અસંયમી અને દુરાચારી અજ્ઞાનીના મરણને પલાય મરણ કહે છે.



પલાય મરણ અશુભલેશ્યા અને આકુળતાપૂર્વકનું અતિ અતિ દુઃખદાયક છે.

## ૭. વશાર્ત મરણ

**આર્તને વશ હોય તેવા મરણને વશાર્ત મરણ કહે છે.**

વશાર્ત એટલે આર્તધ્યાનને વશ હોય તે. આર્ત એટલે દુઃખદાયક કે પીડાજનક અને ધ્યાન એટલે ચિંતવન. અજ્ઞાની જીવ ઇચ્છિત વિષયોને મેળવવા, અનિચ્છિત સંયોગોને દૂર કરવા, શરીરની વેદનાને શમાવવા વગેરે જેવી બાબતો માટે જે પ્રકારનું ચિંતવન કરે છે તેને આર્તધ્યાન કહે છે. આર્તધ્યાનપૂર્વક થતા અજ્ઞાનીના મરણને વશાર્ત મરણ કહે છે.

વશાર્ત મરણ આર્તધ્યાનપૂર્વકનું હોવાથી અત્યંત દુઃખદાયક છે.

## ૮. બાલ મરણ

**અનિષ્ટબુદ્ધિવાળા અજ્ઞાનીના મરણને બાલ મરણ કહે છે.**



સમજણ અને વિવેકમાં જે બાળક જેવો હોય તેને બાલ કહે છે. તેથી અહીં બાલનો અર્થ અજ્ઞાની છે. અસંયમી અનારાધક અને આર્ત-રૌદ્રધ્યાનવાળા અજ્ઞાની જીવના અત્યંત કલુષિત પરિણામપૂર્વકના મરણને બાલ મરણ કહે છે. અજ્ઞાનીનું અકસ્માતે થતું અકાલ મરણ પણ અત્યંત વેદના સહિતનું હોય છે અને તેથી તે બાલ મરણ છે. તીવ્ર મિથ્યાત્વને વશ આપઘાત કરનાર જીવના મરણને પણ બાલ મરણ કહે છે. બાલ મરણ પામનાર જીવ દીર્ઘ સંસારી હોય છે અને તે ઘણું કરીને નરકગતિમાં અવતરે છે.

બાલ મરણ પામનાર અજ્ઞાની અત્યંત વેદનાપૂર્વક અશુભલેશ્યામાં મરણ પામી અત્યંત દુઃખ ભોગવે છે. તેનું આ દુઃખ દેખી ન શકાય તેવું ભયંકર હોય છે.

## ૯. બાલ બાલ મરણ

**અત્યંત ક્રૂર અને ઘાતક હોય તેવા તીવ્ર રૌદ્ર પરિણામ સહિતના મહા મિથ્યાત્વીના મરણને બાલ બાલ મરણ કહે છે.**

બાલનો અર્થ અજ્ઞાન કે મિથ્યાત્વ છે અને તે મિથ્યાત્વની અત્યંત તીવ્રતા દર્શાવવા અહીં બે વખત 'બાલ' શબ્દ છે. અત્યંત અસંયમી મહા વિરાધક અને તીવ્ર રૌદ્ર ધ્યાનના પરિણામ સહિતના મહા અજ્ઞાનીના મરણને બાલ બાલ મરણ કહે છે. મોક્ષમાર્ગથી તદ્દન વિમુખ અને સંસારમાં અત્યંત ગળાડૂબ હોય એવા અજ્ઞાનીનું આ મરણ તેના સંસારને વધુ ને વધુ વિસ્તૃત કરનાર હોય છે. તેથી બાલ બાલ મરણ પામેલા જીવનો સંસાર ઘણો સમૃદ્ધ હોય છે. આવો જીવ અનંત ભવો પછી પણ આત્મજ્ઞાનનો અધિકારી બનતો નથી. તેથી આવું મરણ અત્યંત નિંદનીય છે.

બાલ બાલ મરણ પામનાર મહા અજ્ઞાની જીવ ભયંકર વેદના અને તીવ્ર કૃષ્ણલેશ્યામાં મરણ પામી ભયાનક દુઃખ ભોગવે છે તેના દુઃખને ભગવાન જ જાણી શકે છે અને તે ભોગવનાર જ અનુભવે છે.

## મરણની અંચલિકા

જગતમાં જો કોઇ મોટામાં મોટું દુઃખ હોય તો તે મરણનું છે. મરણ કે મરણના દુઃખથી પોતાને કોઇ બચાવી શકતું નથી. મરણ સમયે સ્ત્રી-પુત્ર-પરિવાર અને મોટા મોટા વૈદ્યો પણ કાંઇ કરી શકતા નથી અને તેઓ લાચાર બનીને ઊભા રહી જાય છે. મરણ સમયે પોતાનાં શુદ્ધાત્મા સિવાય કોઇ શરણ નથી. જેણે પોતાનાં શુદ્ધાત્માને ઓળખીને તેનું શરણ અંગીકાર કરેલું છે તેવા જ્ઞાની ધર્માત્માનું મરણ એ સમાધિમરણ હોય છે અને આવું સમાધિમરણ ફરી ફરી મરણ અને તેનાં દુઃખોને મટાડનાર હોય છે. તેથી આ મરણ એક મહોત્સવ બને છે. વર્તમાન મનુષ્ય જીવનમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શન સહિતના સમાધિમરણનું સાધન અને ઉપાય છે. તેથી આત્મજ્ઞાન વડે નિજ શુદ્ધાત્માનું શરણ અંગીકાર કરી ફરી ફરી મરણના કષ્ટદાયક દુઃખોથી બચી જવાનો ઉપાય કરવો એ જ કર્તવ્ય છે. કહ્યું પણ છે –

सुत मात पिता भ्राता भगिनी, बांधव बेवश हो जाते है ।
चक्री देवादिक मंत्र तंत्र, मरने से रोक न पाते है ।।
अशरण है कोइ शरण नहीं, है आत्मज्ञान ही एक शरण ।
निज शरण प्राप्त करले चेतन, निश्चित होगा भवकष्ट हरण ।।

**ભાવાર્થ:-મરણ સમયે માત-પિતા-પુત્ર-ભાઈ-બહેન કે સગાસંબંધી બધા લાચાર બની જાય છે. કોઈ મણિ, મંત્ર, તંત્ર, ચક્રવર્તી કે દેવાદિક પણ પોતાને મરણથી બચાવી શકતું નથી. તેથી મરણ સમયે કોઈ શરણ નથી. આ અશરણ સંસારમાં એક આત્મજ્ઞાન સિવાય બીજું કોઈ શરણ નથી. તેથી આત્મજ્ઞાન દ્વારા પોતાના નિજ શુદ્ધાત્માના શરણને અંગીકાર કર. તેથી હે ચેતન ! તારા ફરી ફરી મરણના ભવકષ્ટનો નિશ્ચિતપણે નાશ થશે.**

(કવિશ્રી રાજમલ પવૈયાકૃત અશરણ ભાવના)

## ઉપસંહાર

જન્મ-મરણરૂપ સંસારચક્રમાં જન્મના મુખ્ય ત્રણ પ્રકાર : ૧. સંમૂર્ચ્છિમ ૨. ગર્ભજ અને ૩. ઉપપાદ છે. આ ત્રણેય પ્રકારના જન્મના સ્થાનને યોનિ કહે છે. તે કુલ ૮૪ લાખ પ્રકારની છે. સંસારી જીવ ૮૪ લાખ યોનિઓમાં જન્મ પામતો અનેક પ્રકારના દુઃખો ભોગવે છે.


સંસારી જીવના મરણના નવ પ્રકાર ૧. પંડિત પંડિત ૨. પંડિત ૩. બાલ પંડિત ૪. અવસન્ન ૫. સશલ્ય ૬. પલાય ૭. વશાર્ત ૮. બાલ અને ૯. બાલ બાલ છે. પ્રથમ પંડિત પંડિત મરણ એ અરિહંત ભગવાનનું નિર્વાણગમન છે અને તેથી તે દુઃખદાયક નથી. પંડિત અને બાલપંડિત મરણ જ્ઞાનીના છે, તોપણ કિંચિત્ દુઃખદાયક છે. બાકીના મરણ અજ્ઞાનીના છે અને અત્યંત દુઃખદાયક છે. સંસારી જીવનું મોટામાં મોટું દુઃખ મરણનું હોય છે.

સંસાર એ એક ગોળ ગોળ ફર્યા કરતી આત્માની અશુદ્ધ અવસ્થા છે. આ અશુદ્ધ અવસ્થાને નિમિત્તભૂત દેહાદિને પણ વ્યવહારથી સંસાર કહેવામાં આવે છે. સંસારી પ્રાણી કોઇ એક દેહના સંયોગરૂપ જન્મ ધારણ કરે છે, થોડો સમય જીવે છે અને ત્યારપછી દેહના વિયોગરૂપ મરણને પ્રાપ્ત થાય છે. આવું જન્મ-મરણનું સંસારચક્ર અનાદિકાળથી ચાલ્યું આવે છે. સંસારી પ્રાણીનું સમગ્ર જીવન દુઃખરૂપ છે. તોપણ તેમાં જીવનના દુઃખ કરતાં જન્મનું દુઃખ અનંતગણું અને જન્મના દુઃખ કરતાંય મરણનું દુઃખ અનંતગણું હોય છે.

સંસારરૂપી ચક્રની ધરી મિથ્યાત્વ છે. અનાદિકાળના મિથ્યાત્વના કારણે જન્મ-મરણરૂપ સંસારનું ચક્ર ચાલ્યા કરે છે. આ જન્મ-મરણરૂપ સંસારચક્રનો અભાવ કરવો હોય તો મિથ્યાત્વનો અભાવ કરવો જરૂરી છે. આ મિથ્યાત્વનો અભાવ વર્તમાન મનુષ્ય જીવનમાં થઇ શકે છે. કદાચિત્ આ મનુષ્ય જીવનમાં તે મિથ્યાત્વનો અભાવ ન થાય પણ તેની મંદતા થાય અને તેથી સમ્યક્ત્વ- સન્મુખતાના સંસ્કાર પણ પડે તોપણ તે પછીના ભવમાં કાર્યકારી થઇ મિથ્યાત્વને મટાડી સમ્યક્ત્વને પ્રાપ્ત કરાવે છે. મનુષ્યનો જન્મ એ એવો જન્મ છે કે તેમાં જો આત્મહિતનો ઉપાય કરવામાં આવે તો જરૂર આત્મહિત થાય છે અને તેના ફળમાં સમાધિમરણ સધાય છે અને તેથી ફરી ફરી જન્મ-મરણનો અભાવ થાય છે. પણ આ માટે વર્તમાન મનુષ્યજીવનનો દુરુપયોગ વિષય-કષાય અને વેપાર-ધંધા જેવી સાંસારિક પ્રવૃત્તિમાં કરવાને બદલે તેનો સદુપયોગ શુદ્ધાત્માની સમજણ અને સમ્યગ્દર્શન જેવી પારમાર્થિક પ્રવૃત્તિમાં કરવો જરૂરી છે. અને તેથી સંસાર અને તેના જન્મ-મરણના દુઃખોનો અભાવ થઇ મોક્ષમાર્ગ અને મોક્ષના સાચા સુખનો આસ્વાદ મળે છે. આચાર્યશ્રી ગુણભદ્રના શબ્દોમાં –

(वसंततिलका)

वार्तादिभिर्विषयलोल विचार शून्यं ।
किलश्नासि यन्मुहुरिहार्थपरिग्रहार्थम् ।।
तच्चैष्टितं यदि सकृत परलोक बुद्धया ।
न प्राप्यते ननु पुनर्जननादि दुःखम् ।।



**ભાવાર્થઃ** હે વિષયના લાલચુ મૂઢ મનુષ્ય ! તું અવિચાર પૂર્વક વેપાર-વાણિજ્યાદિ સાંસારિક પ્રવૃત્તિઓનો ઉદ્યમ કરી આ લોકમાં ધન પ્રાપ્ત કરવા માટે વારંવાર કલેશને પામે છે. પરંતુ આવો જ પ્રયત્ન તું એકવાર પણ પરલોકને સુધારવા માટે કરે તો આ ફરી ફરી જન્મ-મરણનું અનાદિનું ચાલ્યું આવતું દુઃખ ફરી ન પામે. હે ભવ્ય ! તું આ માટે વિશ્વાસ કરી વેપાર- ધંધાની સાંસારિક પ્રવૃતિને બદલે વાસ્તવિક ધર્મનું સાધન કર અને તેથી તને સંસારના જન્મ-મરણના ભયંકર દુઃખોનો અભાવ થશે. (આત્માનુશાસન : શ્લોક ૪૭)

---

## ટિપ્પણ

૧. દુસ્તર મુશ્કેલીથી તરાય, ઓળંગાય એવું. • ૨. વસા મેદ, ચરબી • ૩. પર્યાપ્તિ આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મનની પ્રાપ્તિને કહે છે. • ૪. સંપુટ હાથના પંજા જોડાયેલ હોય તેવો ઘાટ કે આકાર. • ૫. ગ્રસ્ત ગ્રસાયેલું, પકડાયેલું • ૬. વૈયાવૃત્ય જ્ઞાની ધર્માત્માની સેવાચાકરી.

## સંદર્ભ સાહિત્ય

**પ્રાસ્તાવિક** ૧. અમિતગતિ આચાર્યકૃત બૃહદ સામાયિક પાઠ : ગાથા ૬૮.

૧. **જન્મ-મરણરૂપ સંસાર** ૧. શંકરાચાર્યકૃત ચર્પટપંજરિકા સ્તોત્ર : શ્લોક ૮ના આધારે

૧. **જન્મ** ૧. તત્વાર્થરાજવાર્તિક : ૨/૩૪/૧/૫; ૪/૪૨/૪/૨૫૦/૧૫; • ૨. ભગવતી આરાધના : વિ : ૨૮/૮૫/૧૪; • ૩. સર્વાર્થસિદ્ધિ : ૨/૧૧૩/૧૭૨/૧૦; ૨/૧૪/૧૭૬/૬; • ૪. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૧૩૯, ૧૪૦, ૧૪૧; • ૫. મૂલાચાર : ગાથા ૧૧૬૪; • ૬. જૈ. સિ. કોશ : ભાગ ૨ : જન્મ : પાનુ ૩૧૨; ભાગ ૩ : પ્રાણ : પાનુ ૧૫૩.

૧. **સંમૂર્છન જન્મ** ૧. સર્વાર્થસિદ્ધિ : ૨/૩૧/૧૮૭/૩; • ૨. તત્વાર્થ સૂત્ર : અ. ૨ સૂત્ર ૩૫ અને તેની ટીકા; • ૩. ગોમ્મટસાર : જીવકાંડ : ૩ : ગાથા ૮૩ની ટીકા; • ૪. જૈન સિદ્ધાંત પ્રવેશિકા : અ. ૩ પ્રશ્ન ४२૭ પાનુ ૧૦૭; • ૫. જૈ. સિ. કોશ : ભાગ ૪ : સંમૂર્છિમ : પાનુ ૧૨૬, ૧૨૭.

૨. **ગર્ભ જન્મ** ૧. તત્વાર્થસૂત્ર : અ. ૨ સૂત્ર ૩૩; • ૨. ગોમ્મટસાર : જીવ ૩ : ગાથા ૮૩ની ટીકા; • ૩. વૈરાગ્ય વર્ષા : બોલ નં. ૩૨૬; • ૪. જૈ. સિ. કોશ : ભાગ ૨ : ગર્ભ : પાનુ ૨૩૮

૩. **ઉપપાદ જન્મ** ૧. તિલોયપણ્ણત્તિ : ૨/૮, ૩૧૩, ૩૧૪; ૮/૫૬૭; • ૨. તત્વાર્થસૂત્ર : અ. ૨ સૂત્ર ૩૧, ૩૪; • ૩. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૮૩, ૮૫, ૮૬; • ૪. જૈ. સિ. કોશ : ભાગ : ૧ : ઉપપાદ : પાનુ ૪૨૭; ભાગ ૨ : જન્મ : ૨/૪ પાનુ ૩૧૩; • ૫. તત્વાર્થરાજવાર્તિક : ૨/૩૧/૧૮૭/૫.

**જન્મની ૮૪ લાખ યોનિ** ૧. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૮૯; • ૨. સર્વાર્થસિદ્ધિ : ૨/૩૨/૧૮૮/૧૦; • ૩. તત્વાર્થ રાજવાર્તિક : ૨/૩૨/૧૦/૧૪૨/૧૩; • ૪. તત્વાર્થ સૂત્ર : અ. ૨, સૂત્ર ૩૨; • ૫. મૂલાચાર : ગાથા ૨૨૬, ૧૦૬૯, ૧૧૦૦, ૧૧૦૧. **જન્મની અંચલિકા** ૧. આત્માનુશાસન : શ્લોક ૫૪;

૨. **મરણ;** ૧. ભાવપાહુડ : ગાથા ૩૨ની ટીકા; • ૨. ભગવતી આરાધના : ગાથા ૨૫થી ૩૦ અને તેની ટીકા; • ૩. જૈ. સિ. કોશ. ભાગ ૩ : મરણ : ૧/૨ પાનુ ૨૮૦.

૧. **પંડિત પંડિત મરણ** ૧. ભગવતી આરાધના : ગાથા ૨૮ અને તેની ટીકા.

૨. **પંડિત મરણ** ૧. ભગવતી આરાધના : ગાથા ૨૯ અને તેની ટીકા; • ૨. પરમાત્મપ્રકાશ : ૨/૧૪; • ૩. જૈ. સિ. કોશ : ભાગ ૩ : પંડિત : પાનુ ૨; • ૪. ભાવપાહુડ : ગાથા ૩૨ની ટીકા.

૩. **બાલપંડિત મરણ** ૧. મૂલાચાર : ગાથા ૧૦૩; • ૨. ભગવતી આરાધના : ગાથા ૨૭ ૨૦૮૫થી ૨૦૯૪; • ૩. જૈ. સિ. કોશ : ભાગ ૩ : મરણ : ૧/૪ પાનુ ૨૮૦.

૪. **અવસન્ન મરણ** ૧. ભગવતી આરાધના : ગાથા ૨૫, ૧૨૯૪, ૧૨૯૫, ૧૯૫૦ અને તેની ટીકા; • ૨. ભાવપાહુડ : ગાથા ૧૪ની ટીકા; • ૩. જૈ. સિ. કોશ : ભાગ ૧ : અવસન્ન : પાનુ ૨૦૧.

૫. **સશલ્ય મરણ** ૧. ભગવતી આરાધના : ગાથા ૨૫ની ટીકા; • ૨. સર્વાર્થસિદ્ધિ : ૭/૧૮/૩૫૬ / ૬ • ૩. જૈ. સિ. કોષ : ભાગ ૩ : મરણ : પાનુ ૨૮૧.

૬. **પલાય મરણ** ૧. ભગવતી આરધના : ગાથા ૨૫ની ટીકા; • ૨. જૈ. સિ. કોષ : ભાગ ૩ : મરણ : પાનુ ૨૮૧

૭. **વશાર્ત મરણ** ૧. ભગવતી આરાધના : ગાથા ૨૫ની ટીકા

૮. **બાલ મરણ** ૧. તત્વાર્થ રાજવાર્તિક : ૬/૧૨/૭/૫૨૨/૧૮; • ૨. જૈ. સિ. કોશ : ભાગ ૩ : બાલ : પાનુ ૧૮૩; • ૩. મૂલાચાર : ગાથા ૭૪.

૯. **બાલ બાલ મરણ** ૧. ભગવતી આરાધના : ગાથા ૩૦, ૬૫ **મરણની અંચલિકા** ૧. કવિશ્રી રાજમલ પવૈયાકૃત અશરણ ભાવના **ઉપસંહાર** ૧. આત્માનુશાસન : શ્લોક ૪૭.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.**

૧. **કઈ બાબત ક્યારેય શક્ય નથી ?** ૧. ☐
   **A.** સંસારમાંથી સુખનો એક અંશ પણ મળવો
   **B.** સૂર્યના કિરણો ઠંડા થવા
   **C.** ચંદ્રના કિરણો ઉષ્ણ થવા
   **D.** મેરૂપર્વતનું ચલાયમાન થવું

૨. **સંસારરૂપી ચક્રનું ભ્રમણ ક્યા પ્રકારે નથી ?** ૨. ☐
   **A.** પંચ પ્રકારના પરિવર્તન
   **B.** સંસાર–મોક્ષમાં આવાગમનરૂપ ભ્રમણ
   **C.** જન્મ–મરણનું પરિભ્રમણ
   **D.** પૌદ્ગલિકકર્મોના કેન્દ્રની આજુબાજુચારગતિરૂપ પરિભ્રમણ

૩. **એકેન્દ્રિય સ્થાવર જીવને કુલ કેટલા પ્રાણ છે ?** ૩. ☐
   **A.** દશ **B.** આઠ **C.** ચાર **D.** છ

૪. **ક્યા જીવનો જન્મ સંમૂર્છન પણ હોય છે ?** ૪. ☐
   **A.** નારકી **B.** દેવ **C.** મનુષ્ય **D.** અસંજ્ઞી પંચેન્દ્રિય

૫. **આવરણમાં વીંટળાયેલ ગર્ભજન્મને શું કહે છે ?** ૫. ☐
   **A.** ગર્ભજ **B.** અંડજ **C.** પોતજ **D.** જરાયુજ

૬. **માતા-પિતાના રજ-વીર્ય વિના નિશ્ચિત સ્થાનવિશેષમાં થતો જન્મ ક્યાં પ્રકારનો છે ?** ૬. ☐
   **A.** સંમૂર્છન **B.** અંડજ **C.** પોતજ **D.** ઉપપાદ

૭. **નારકીઓના જન્મની ઉત્પત્તિ સ્થાનને શું કહે છે ?** ૭. ☐
   **A.** ગર્ભાશય **B.** મધપૂડો **C.** બીલ **D.** ઉપપાદ શય્યા

૮ **મનુષ્યની જન્મની યોનિના કુલ કેટલા પ્રકારો છે?** ૮. ☐
   **A.** ૮૪ લાખ **B.** ૧૦ લાખ **C.** ૧૪ લાખ **D.** ૭ અબજ

૯. **મનુષ્ય જન્મની કઈ ઘટના આશ્ચર્ય અને ખેદજનક છે?** ૯. ☐
   **A.** લક્ષ્મી ચાંલો કરવા આવે ત્યારે મોઢું ધોવા જવું તે

B. મનુષ્ય જન્મનો ઉપયોગ ફરી ફરી જન્મ મટાડવાને બદલે તે વધારવા માટે કરવો તે
C. મોટા ઘરનું માંગુ આવે અને ઠુકરાવવું તે
D. અમેરિકાનું ગ્રીનકાર્ડ મળે તોપણ ન સ્વીકારવું તે

**૧૦. સંસારી જીવનું મરણ શું નથી ?** ૧૦. ☐
A. એક જીવના પ્રાણોનું બીજા જીવના પ્રાણોમાં થતું પ્રાણાંતર
B. એક દેહમાંથી બીજા દેહમાં થતું દેહાંતર
C. એક ગતિમાંથી બીજી ગતિમાં થતું ગત્યાંતર
D. એક ભવમાંથી બીજા ભવમાં થતું ભવાંતર

**૧૧. ક્યા મરણને નિર્વાણ કહે છે ?** ૧૧. ☐
A. પંડિત પંડિત મરણ
B. પંડિત મરણ
C. દેશ ખાતર શહીદી વહોરનારના મરણ
D. સમભાવ સહિતના મરણ

**૧૨. ક્યા મરણને સમાધિમરણ કહે છે ?** ૧૨. ☐
A. બાલ પંડિત મરણ B. પંડિત મરણ
C. પંડિત પંડિત મરણ D. અજ્ઞાનીના સંથારા મરણ

**૧૩. ચોથા કે પાંચમા ગુણસ્થાનવર્તી સમ્યક્દૃષ્ટિ ધર્માત્માનું મરણ ક્યા પ્રકારનું હોય છે ?** ૧૩. ☐
A. બાલ મરણ B. પંડિત મરણ
C. બાલપંડિત મરણ D. સમાધિ મરણ

**૧૪. અવસન્ન સાધુ કોને કહે છે ?** ૧૪. ☐
A. ઇન્દ્રિય વિષયમાં ફસાઇ ગયેલ પરિગ્રહધારી સાધુ
B. ચારિત્રથી ભ્રષ્ટ હોય તેવા અન્યમતના સાધુ
C. મોક્ષમાર્ગથી ભ્રષ્ટ હોય તેવા દિગંબર સાધુ
D. જિનસૂત્રથી પ્રતિકૂળ હોય તેવા પરિગ્રહી સાધુ

**૧૫. તીવ્ર મિથ્યાત્વને વશ આપઘાત કરનારના મરણને શું કહે છે ?** ૧૫. ☐
A. અકાલ મરણ B. આકસ્મિક મરણ
C. બાલ બાલ મરણ D. બાલ મરણ

**૧૬. બાલબાલ મરણ અત્યંત નિંદનીય છે. કેમ કે-** ૧૬. ☐
A. તે તીવ્ર રૌદ્રધ્યાનના પરિણામ સહિતનું છે
B. તે મહા મિથ્યાત્વનું કારણ છે
C. તે ભયાનક દુઃખદાયક છે
D. તે અનંતભવો પછી પણ આત્મજ્ઞાનનો અધિકારી થવા દેતો નથી

**૧૭. જગતમાં મોટામાં મોટું દુઃખ ક્યું છે ?** ૧૭. ☐
A. શરીરના રોગનું B. અપમાનનું
C. મરણનું D. નિર્ધનતાનું

**૧૮. મરણ સમયે કોણ શરણ છે ?** ૧૮. ☐
A. સત્તા અને સંપત્તિ
B. ડોક્ટર અને તેની સારવાર
C. દેવ–ગુરુ–શાસ્ત્ર અને શુદ્ધાત્મા
D. પુત્રો અને મિત્રો

**૧૯. સંસારરૂપી ચક્રની ધરી કોણ છે ?** ૧૯. ☐
A. સ્ત્રી પ્રત્યેની વિષયાસક્તિ
B. મિથ્યાત્વ
C. આઠ પ્રકારના કર્મોનો ઉદય
D. આઠ પ્રકારના આશ્રયે થતું માન

**૨૦. મનુષ્યજીવનનો સદુપયોગ શેમાં છે ?** ૨૦. ☐
A. સમ્યગ્દર્શનની સાધનામાં
B. સમાજની સેવામાં
C. પૈસાની પ્રાપ્તિમાં D. ભોગોને ભોગવવામાં

## સૈદ્ધાંતિક પ્રશ્નો

### નીચેના પ્રશ્નો એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.

૧. સંસારનો અર્થ શો છે ?
૨. સંસારના ત્રણ પ્રકારના નામ આપો.
૩. મનુષ્યના જીવન અને મરણ વચ્ચેનું જીવન કેવુ છે ?
૪. સંસારમાં સૌથી મોટુ દુઃખ કયુ છે?
૫. જન્મ કોને કહે છે ?
૬. દશ પ્રાણોના નામ આપો.
૭. સંમૂર્ચ્છન જન્મ કોને કહે છે ?
૮. કયા જીવોનો જન્મ સંમૂર્ચ્છન હોય છે ?
૯. શા માટે સંમૂર્ચ્છન જન્મ અત્યંત દુઃખદાયી છે ?
૧૦. ગર્ભ જન્મ કોને કહે છે ?
૧૧. કયા જીવોનો જન્મ ગર્ભજ હોય છે ?
૧૨. ગર્ભ જન્મના ત્રણ પ્રકારના નામ આપો.
૧૩. શા માટે ગર્ભજ જન્મ અત્યંત દુઃખદાયી છે ?
૧૪. ઉપપાદ જન્મ કોને કહે છે?
૧૫. સંસારી જીવના જન્મના સ્થાનને શું કહે છે ? અને તે કુલ કેટલા પ્રકારના છે ?
૧૬. ૮૪ લાખ યોનિમાં જન્મ પામતો જીવ કેવા દુઃખો ભોગવે છે ?
૧૭. સંસાર ચક્રની મૂળ ધરી શું છે ?
૧૮. સંસારી જીવનું મરણ કોને કહે છે ?
૧૯. સંસારી જીવના તદ્ભવ મરણના નવ પ્રકારના નામ આપો.
૨૦. પંડિત પંડિત મરણ કોને કહે છે ?
૨૧. પંડિત મરણ કોને કહે છે ?
૨૨. બાલ પંડિત મરણ કોને કહે છે ?
૨૩. અવસન્ન મરણ કોને કહે છે ?
૨૪. સશલ્ય મરણ કોને કહે છે ?
૨૫. શલ્યના ત્રણ પ્રકાર જણાવો.
૨૬. પલાય મરણ કોને કહે છે ?
૨૭. કોનું મરણ મહોત્સવ છે ?
૨૮. સંસારમાં શરણ કોણ છે ?
૨૯. સંસારી પ્રાણીનું સમગ્ર જીવન કેવું છે ?
૩૦. મનુષ્યજીવનનો સદુપયોગ શેમાં છે ?

### નીચે આપેલ પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. જન્મ અને તેની સાથે સંબંધિત દશ પ્રાણોની માહિતી આપો.
૨. સંમૂર્ચ્છન જન્મનું સ્વરૂપ સમજાવો.
૩. ગર્ભજન્મ અને તેના દરેક પ્રકારનું સ્વરૂપ સમજાવો.
૪. ઉપપાદ જન્મનું સ્વરૂપ સમજાવો.
૫. સંસારી જીવના જન્મની ૮૪ લાખ યોનિ વિષે માહિતિ આપો.
૬. આચાર્યશ્રી ગુણભદ્ર કઇ બાબત આશ્ચર્ય અને ખેદરૂપ કહે છે તે સમજાવો.
૭. સંસારી જીવના મરણના દુઃખનું સ્વરૂપ સમજાવો.
૮. સંસારી જીવના નવેય પ્રકારના મરણ વિષેની માહિતિ આપો.
૯. જન્મ–મરણના દુઃખોનો અભાવ કરવા માટે શું કરવું જોઇએ ? તે સમજાવો.

### વિદ્યાર્થીઓની જુથપ્રવૃત્તિ

૧. સંસારી જીવના જન્મ અને તેનાં દુઃખ દર્શાવતો પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. સંસારી જીવના મરણ અને તેના દુઃખ દર્શાવતો પ્રોજેક્ટ તૈયાર કરો.
૩. આ પ્રકરણમાં આવતાં કાવ્યોનું સમૂહગાન કરો.